# સૂર્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગીતા

## એક દિવસીય ખેડૂત તાલીમ અને નિદર્શન કાર્યક્રમ

આણંદ કૃષિ યુનિવર્સિટી ની કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે "એડવાન્સડ સેન્ટર ફોર રિસર્ચ એન્ડ ટ્રેઈનર્સ ટ્રેઈનીંગ ઓન એગ્રિકલ્ચરલ એંજિનિયરિંગ બેજ્ડ ઇન્ટરવેનસનસ" પ્રોજેકટ અંતર્ગત રિન્યુએબલ એનર્જી એંન્જીનિયરિંગ વિભાગ અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા ના સંયુકત ઉપક્રમે "સૂર્ય ઉર્જાની ખેતીમાં ઉપયોગીતા" વિષય પર તારીખ ૩૧/૦૧/૨૦૨૦ ના રોજ એક દિવસીય ખેડૂત તાલીમ અને નિદર્શન કાર્યક્રમ કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા ખાતે યોજયો. આ કાર્યક્રમમાં ગામ વડેલા, તાલુકો લીમખેડા, જિલ્લો દાહોદ માંથી ૬૦ જેટલા ખેડૂત ભાઈઓ ઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ ની શરૂઆત પધારેલ મહેમાનોનું પુષ્પગુચ્છ આપીને કરાઇ હતી.

આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ડૉ. પંકજ ગુપ્તા, ઇન્ચાર્જ આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી (એગ્રીકલ્ચરલ એંન્જીનિયરિંગ), કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા; ડૉ. જી. જે. પટેલ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયા; કોલેજના વિવિધ વિભાગના વડાશ્રીઓ તેમજ કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજના અધિકારીશ્રીઓ અને કર્મચારીશ્રીઓ હાજર રહ્યા.

કોલેજના ઇન્ચાર્જ આચાર્ય અને વિધ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. પંકજ ગુપ્તા એ તાલીમાર્થીઓને સૂર્ય ઊર્જા નો ઉપયોગ ખેતીમાં કેવી રીતે કરવો અને સૂર્ય ઊર્જા થી જુદા જુદા ખેત ઓજારો કેવી રીતે ખેતીમાં ઉપયોગી છે તેની માહિતી આપી અને ગુજરાત સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કર્યા હતા. વધુમાં ઉર્જાના વિવિધ સ્ત્રોતોનો કરકસરપૂર્વક ખેતીમાં ઉપયોગની ખૂબ જ સારી સમજણપૂર્વક માહિતી આપી. ડૉ. જી. જે. પટેલ, યુનિટ અધિકારીશ્રી, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, દેવગઢબારિયાએ ખેડૂત તાલીમાર્થીઓને ખેતીમાં સૌર પમ્પ અને સોલર લાઇટિંગના ઉપયોગ વિષે અને સૂર્ય ઉર્જાથી ચાલતા સૌર સુકવણી યંત્રની મદદથી ખેતપેદાશો ની સુકવણી કરવામાં આવે છે તેની માહિતી આપી હતી.



















સદર તાલીમમાં ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજનાના પી. આઈ. કૃષિ ઇજનેરી અને ટેક્નોલૉજી કોલેજ, ગોધરા દ્વારા "સોલર પમ્પિંગ અને લાઇટિંગ સિસ્ટમ"; ડૉ. આર. સી. સાળુંખે, એફ. એમ. પી. ઇ. વિભાગ દ્વારા "કૃષિ પાકોની કાપણીના આધુનિક યંત્રોનો પરિચય"; ઈજ. જે. શ્રવણકુમાર, બી. ઇ. એ. એસ. વિભાગ દ્વારા "સૂર્યકુકરનું મહત્વ અને તેની ઉપયોગીતા"; ઈજ. જે. જે. ચાવડા, આર. ઇ. ઇ. વિભાગ દ્વારા "ખેતીમાં ઉર્જાની બચત" વિષય પર વ્યાખ્યાન આપ્યા. તદુપરાંત તાલીમાર્થીઓને બોક્સ ટાઇપ સૂર્યકુકર, કોન્સ્ટ્રેટિંગ ટાઇપ પેરાબોલિક સૂર્યકુકર, સોલર પમ્પિંગ સિસ્ટમ અને સૌર સુકવણી યંત્ર કેવી રીતે કાર્ય કરે છે અને તેના સીધા પ્રાયોગિક નિદર્શન આપવામાં આવેલ હતા. વધુમાં ટોપ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલાનું પણ સીધું પ્રાયોગિક નિદર્શન કરી બતાવવામાં આવેલ હતું. તાલીમાર્થીઓ સદર તાલીમમાં બતાવેલ બોક્સ ટાઇપ સૂર્યકુકર, સોલર પમ્પિંગ સિસ્ટમ અને સૌર સુકવણી ની ઉપયોગિતા તેમજ ટોપ ફિડિંગ ટાઇપ નિર્ધૂમ ચૂલા તેમણે કેવી રીતે ઉપયોગી થશે તેના અભિપ્રાય પણ આપેલ હતા.

તાલીમના અંતે ડૉ. ડી. કે. વ્યાસ, વિભાગીય વડા (આર. ઇ. ઇ.) અને સદર યોજના ના પી. આઈ. દ્વારા આમંત્રિત મહેમાનો, ખેડૂત ભાઈઓ તેમજ આયોજકોની આભાર વિધિ કરવામાં આવી હતી.